# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અષાઢ વદ - ૧૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦



**આજનો સુવિચાર**

વ્યક્તિ ના કર્મો જ તેની સાચી ઓળખાણ હોય છે, બાકી એક નામ ના હજારો લોકો હોય છે આ દુનિયા માં!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૩ ● તારીખઃ ૧૧.૦૮.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060








રાંચીમાં વિદ્યાર્થી આંદોલને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગઈકાલે સવારથી જ વિદ્યાર્થીઓ વિધાનસભાનો ઘેરાવ કરવા નીકળ્યા હતા. પોલીસે લાઠીચાર્જ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો, છતાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રગાન ગાવા લાગ્યા. ભાજપના પ્રદેશ પ્રમુખ બાબુલાલ મરાંડી સહિત અનેક નેતાઓની મુખ્યમંત્રી આવાસ બહારથી અટકાયત કરાઈ હતી. વિદ્યાર્થીઓએ ૬ બેરિકેડ તોડી નાખ્યા છે, તેમની સીબીઆઈ તપાસની માંગ ચાલુ છે. હાલ ઝારખંડની સ્થિતિ ચિંતાજનક હોવાનું તસવીરો પરથી જણાય છે.

## JPSC-JSSC ગેરરીતિ અને પેપર લીક મામલે રાંચીમાં વિદ્યાર્થી આંદોલન બેકાબૂઃ બેરિકેડ્સ તોડી સેંકડો છાત્રો વિધાનસભા પરિસરમાં ઘૂસ્યા

### કૌભાંડની CBI તપાસ અને પરીક્ષાઓ રદ કરવાની માંગ સાથે આક્રોશઃ પોલીસે ટીયર ગેસ છોડ્યા, બાબુલાલ મરાંડી સહિત ભાજપના નેતાઓની અટકાયત

**સમય સંદેશઃ રાંચી**

ઝારખંડના પાટનગર રાંચીમાં JPSC અને JSSC પરીક્ષા ગેરરીતિ તેમજ પેપર લીકની CBI તપાસની માંગ સાથે શરૂ થયેલું વિદ્યાર્થી આંદોલન ચરમસીમાએ પહોંચી ગયું છે. 'વિધાનસભા ઘેરાવ' માર્ચ દરમિયાન તમામ સુરક્ષા બેરિકેડ્સ તોડીને સેંકડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઝારખંડ વિધાનસભા પરિસરમાં ઘૂસી ગયા હતા અને ગેટ નંબર ૧ પર જમાવડો કર્યો હતો. પોલીસે માર્ચને રોકવા માટે રસ્તાઓ પર કાંટાળા તાર અને ભારે બેરિકેડ્સ ગોઠવ્યા હતા, પરંતુ આક્રોશિત






વિદ્યાર્થીઓ આ તારોને પોતાના હાથ વડે ઊંચકીને દૂર લઈ ગયા હતા અને રસ્તા પર સૂઈને સરકાર વિરુદ્ધ ભારે નારેબાજી કરી હતી. પરિસ્થિતિ કાબૂ બહાર જતી જોઈને પ્રશાસને ઝારખંડના અન્ય જિલ્લાઓની પોલીસને તાત્કાલિક રાંચી પહોંચવાના આદેશ આપ્યા હતા. વિધાનસભા તરફ આગળ વધી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે ભીડ વિખેરવા માટે ટીયર ગેસના ગોળા છોડ્યા હતા અને લાઠીચાર્જ કર્યો હતો, તેમ છતાં વિદ્યાર્થીઓ ફરી એકઠા થઈને દેશનું રાષ્ટ્રગાન ગાવા

અનુ પાના નં.૨ પર

## રાહુલ ગાંધી અને શત્રુઘ્ન સિન્હાએ લાઠીચાર્જની નિંદા કરી

**સમય સંદેશઃ રાંચી**



ઝારખંડની રાજધાની રાંચીમાં JPSC અને JSSC-CGL પરીક્ષામાં ગેરરીતિ તેમજ પેપર લીકની CBI તપાસની માંગ સાથે વિદ્યાર્થીઓનું આંદોલન અત્યંત ઉગ્ર બની ગયું છે. વિધાનસભા ઘેરાવ દરમિયાન સેંકડો આક્રોશિત વિદ્યાર્થીઓએ સુરક્ષા બેરિકેડ્સ તોડી અને કાંટાળા તારો હટાવીને વિધાનસભા પરિસરમાં પ્રવેશ કર્યો હતો. પરિસ્થિતિ બેકાબૂ બનતાં પોલીસે ભીડ વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો અને ટીયર ગેસના સેલ છોડ્યા હતા. આ ઘર્ષણ વચ્ચે વિદ્યાર્થીઓએ રસ્તા પર સૂઈને તેમજ રાષ્ટ્રગાન ગાઈને પોતાનો અનોખો વિરોધ નોંધાવ્યો હતો. છેલ્લા ૯ દિવસથી ભૂખ હડતાલ પર ઉતરેલા વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતોએ ભાવુક નિવેદન આપતાં જણાવ્યું હતું કે, આ લાખો યુવાનોના ભવિષ્યની લડાઈ છે અને ૧૧ પરીક્ષાઓમાં શંકાસ્પદ ગેરરીતિઓ આચરાઈ છે.

આંદોલનકારી વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ બળપ્રયોગ બાદ દેશભરમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. ઝખઈ સાંસદ શત્રુઘ્ન સિન્હા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જની આકરા શબ્દોમાં નિંદા કરી છે. શત્રુઘ્ન સિન્હાએ જણાવ્યું કે તેઓ અને તેમની પુત્રી સોનાક્ષી સિન્હા વિદ્યાર્થીઓના શાંતિપૂર્ણ વિરોધના સમર્થનમાં છે અને સરકારે ત્વરિત કૌભાંડની CBI તપાસ સોંપવી જોઈએ. બીજી તરફ રાહુલ ગાંધીએ કહ્યું કે, વિદ્યાર્થીઓ સામે બળનો ઉપયોગ કરવો સંપૂર્ણપણે ખોટો છે અને ઝારખંડ સરકારે યુવાનો સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓનો ત્વરિત ઉકેલ લાવવો જોઈએ.

સામે પક્ષે, ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાએ કોંગ્રેસ અને રાહુલ ગાંધીના બેવડા વલણ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે, એક તરફ રાહુલ ગાંધી સંસદ બાધિત કરીને કેન્દ્ર સરકાર પાસે જવાબ માગે છે અને બીજી તરફ તેમની જ સમર્થિત ઝારખંડ સરકાર યુવાનો પર લાઠીચાર્જ અને અત્યાચાર ગુજારી રહી છે. દરમિયાન, વિવાદ વધતાં હેમંત સોરેન

અનુ પાના નં.૨ પર

## લાલ સમુદ્રમાં હુથી બળવાખોરોના વધતા ખતરા વચ્ચે ભારતીય નૌકાદળનું મોટું ઓપરેશન

### INS ત્રિશૂલ અને INS આદિત્યએ બાબ-અલ-મંડેબ ચોકપોઈન્ટ પરથી ઓઈલ ટેન્કરોને આપ્યું સુરક્ષા કવચ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

લાલ સમુદ્રમાં ચાંચિયાગીરી અને હુથી બળવાખોરોના સશસ્ત્ર હુમલાના વધી રહેલા જોખમો વચ્ચે ભારતીય નૌકાદળે દરિયાઈ સુરક્ષા પ્રદાન કરવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ઓપરેશન પાર પાડ્યું છે. ભારતીય નૌકાદળના અત્યાધુનિક યુદ્ધ જહાજો INS ત્રિશૂલ અને INS આદિત્યએ ૯ અને ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ નજીકના ભારે જોખમી વિસ્તારમાંથી ક્રૂડ ઓઈલ વહન કરતા ટેન્કરો MT કંપાસ અને MT થલાટાને સફળતાપૂર્વક એસ્કોર્ટ કરીને સુરક્ષિત માર્ગ પૂરો પાડ્યો છે.

નૌકાદળના પશ્ચિમી કમાન્ડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર આ ઓપરેશનના ખાસ ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા, જેમાં યુદ્ધ જહાજોની સાથે ઓઈલ ટેન્કરો સફર કરતા નજરે પડે છે અને ઉપરથી નૌકાદળનું હેલિકોપ્ટર સતત હવાઈ નિરીક્ષણ કરી રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી તાજેતરની કટોકટી અને લાલ સમુદ્રમાં ઊભા થયેલા નવા સુરક્ષા પડકારો વચ્ચે ભારત સરકારે આ વિસ્તારમાં પોતાના યુદ્ધ જહાજોની તૈનાતી અને ગશ્ત વધારી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, ૪ ઓગસ્ટના રોજ ભારતીય ધ્વજ ધરાવતું વાણિજ્યિક જહાજ ખજટ ફૈઝ નૂર ઓલિયા યમનના હોદેદાહ કિનારા નજીક એક મિસાઈલ કે અસ્ત્રના હુમલાનો ભોગ બન્યા બાદ દરિયામાં ડૂબી ગયું હતું. જોકે, તે જહાજમાં સવાર ૧૩ ભારતીયો સહિત તમામ ૧૪ ક્રૂ સભ્યોને યમનના દળો દ્વારા સુરક્ષિત રીતે ઉગારી લેવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ભારતે પોતાના આંતરરાષ્ટ્રીય વેપારી જહાજો અને ઉર્જા પરિવહનની સુવિધા આપતા ટેન્કરોની સુરક્ષા અત્યંત મજબૂત બનાવી દીધી છે.

બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ એ લાલ સમુદ્રને એડેનના અખાત સાથે જોડતો વિશ્વનો એક અત્યંત સંવેદનશીલ અને વ્યૂહાત્મક માર્ગ છે, જ્યાંથી ભારત અને અન્ય દેશો માટે મોટા પ્રમાણમાં તેલ અને આવશ્યક ચીજવસ્તુઓની આયાત-નિકાસ થાય છે. યમનના હુથી બળવાખોરો દ્વારા આ

અનુ પાના નં.૨ પર

## દમણના દરિયામાં નહાવા પડેલા ૪ પૈકી ૨ તરુણ ડૂબ્યાઃ લાઈફગાર્ડે ૧ ને બચાવ્યો, ૧ ની શોધખોળ તેજ

**સમય સંદેશઃ દમણ**

દમણના દરિયામાં ન્હાવા પર પ્રતિબંધ હોવા છતાં રીંગણવાડા ગામની ચાલીમાં રહેતા ૪ તરૂણો માટે દરિયામાં ન્હાવાનું સાહસ અત્યંત ભારે સાબિત થયું હતું. ૪ પૈકી ૨ તરૂણ પ્રચંડ અને તોફાની મોજા વચ્ચે તણાતા કિનારે તૈનાત લાઈફ ગાર્ડે એકને હેમખેમ બચાવી લીધો હતો, જ્યારે અન્ય એક તરૂણ ડૂબી જતાં ફાયર બ્રિગેડના જવાનોએ બોટ સહિતના સાધનો વડે તેની શોધખોળ શરૂ કરી હતી.



દમણના રીંગણવાડા વિસ્તારમાં આવેલી ચાલીમાં રહેતો આકાશકુમાર પોતાના ૩ મિત્રો સાથે સોમવારે દમણના જેટી કિનારે મોજમસ્તી કરવા ગયો હતો. દરિયામાં ન્હાવા પર પ્રતિબંધ હોવા છતાં ચારેય મિત્રો નિયમોને નેવે મૂકી પોતાના જીવના જોખમે પાણીમાં નાહવા પડ્યા હતા. તે દરમિયાન ૪ પૈકી ૨ તરૂણ પાણીના ધસમસતા વહેણમાં તણાવા લાગ્યા હતા. જો કે, જેટી કિનારે તૈનાત લાઈફ ગાર્ડોએ તુરંત પાણીમાં ઝંપલાવી ૨ પૈકી ૧ તરૂણને હેમખેમ બહાર કાઢી લીધો હતો. જ્યારે ભરતીના પ્રચંડ મોજા વચ્ચે આકાશકુમાર તણાઈને ડૂબી ગયો હતો. આ ઘટનાને પગલે આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. બનાવની જાણ થતાં જ દમણ પોલીસના અધિકારીઓ, ટીમ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ જવાનોએ દરિયામાં લાપતા આકાશકુમારની શોધખોળ કરવા માટે બોટ સહિતના સાધનોની મદદથી કવાયત આદરી હતી. જો કે, હજુ સુધી આકાશકુમારની કોઈ ભાળ મળી નથી, જેને કારણે ઘટનાસ્થળે દોડી આવેલા પરિવારજનો અને સંબંધીઓ ઘેરી ચિંતામાં મુકાયા હતા. અત્રે નોંધનીય

અનુ પાના નં.૨ પર

## જામનગર આયુર્વેદ યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડો. માનસી દેશપાંડેએ કાર્યભાર સંભાળ્યો



**સમય સંદેશઃ જામનગર**

વિશ્વ પ્રસિદ્ધ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના નવા કુલપતિ (વાઈસ ચાન્સલર) તરીકે જાણીતા આયુર્વેદ શિક્ષણવિદ ડો. માનસી મકરંદ દેશપાંડેએ વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તેમની આગામી ત્રણ વર્ષ માટે આ પદ પર નિયુક્તિ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ડો. માનસી દેશપાંડેએ પોતાનું કોલેજ કક્ષાનું શિક્ષણ જામનગરની ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય અને એમ.ડી. (આયુર્વેદ)ની ડિગ્રી આઈપીજીટી એન્ડ આર.માંથી પ્રાપ્ત કરી હતી. શિક્ષણ તથા સંશોધન ક્ષેત્રે ૩૦ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવતા ડો. દેશપાંડે અગાઉ ભારતીય વિદ્યાપીઠ કોલેજ ઓફ આયુર્વેદ, પુણે ખાતે વાઈસ પ્રિન્સિપાલ અને પ્રોફેસર તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. છેલ્લા

અનુ પાના નં.૨ પર

## મોરબીના વિરપરડા ગામના કૂવાનું પાણી હિલોળે કેમ ચડ્યું?

### કારણ તપાસવા મોરબી પહોંચી વૈજ્ઞાનિકોની ટીમ

**સમય સંદેશઃ મોરબી**

મોરબી જિલ્લાના વિરપરડા ગામે કૂવાના પાણીમાં રહસ્યમય રીતે હિલોળા મારવાની ઘટનાએ સ્થાનિકોમાં કુતૂહલ જગાવ્યું છે. ઘટનાની હકીકત જાણવા હવે કેન્દ્ર સરકારની વૈજ્ઞાનિક સંસ્થા 'જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (GSI)'ની ટીમ વિરપરડા ગામે પહોંચી છે. જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટર બિજયકુમાર દાસની આગેવાની હેઠળ ટીમે ઘટનાસ્થળની મુલાકાત લઈ કૂવાના પાણીનું નિરીક્ષણ કર્યું હતું. ટીમે માત્ર કૂવામાં હિલોળા મારતા પાણીની સ્થિતિ જ નહીં, પરંતુ કૂવાની આસપાસના સમગ્ર વિસ્તારનું પણ



ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

વિરપરડા ગામના કૂવામાં પાણી સતત હિલોળા લેતું હોવાની ઘટનાને લઈને વૈજ્ઞાનિક રીતે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પાણીમાં આવી રહેલા હિલોળા પાછળનું કારણ શું છે અને ભૂગર્ભીય પરિબળોની કોઈ ભૂમિકા છે કે કેમ તે જાણવા ટીમ દ્વારા સ્થળ પર વિવિધ બાબતોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ઘટનાસ્થળ નજીક આવેલા અન્ય એક કૂવાની પણ જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાની ટીમે મુલાકાત લીધી હતી. બંને કૂવાની સ્થિતિ અને આસપાસના ભૂગર્ભીય વિસ્તારની સરખામણી કરીને ઘટનાના સંભવિત કારણો અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. હાલ સમગ્ર ઘટનાને લઈને વૈજ્ઞાનિક તપાસ ચાલી રહી છે. GSIની તપાસ પૂર્ણ થયા બાદ કૂવાના પાણીમાં જોવા મળતા અસામાન્ય હિલોળા પાછળનું વાસ્તવિક કારણ સામે આવવાની શક્યતા છે. આ ઘટનાને પગલે વિરપરડા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં પણ લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

## ખંભાળિયામાં જીએસપીએલ ગેસ પાઈપ લાઈન મુદ્દે ૧૧ દિવસનું ખેડૂત આંદોલન પૂર્ણ

**સમય સંદેશઃ જામનગર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં જીએસપીએલ કંપની દ્વારા ગેસ પાઈપલાઈન નાખવાના મુદ્દે ચાલી રહેલું ખેડૂતોનું ૧૧ દિવસનું આંદોલન પૂર્ણ કરવામાં આવ્યું છે. આંદોલનકારી ખેડૂતોએ જાહેરાત કરી છે કે આજથી તેઓ આંદોલન સમાપ્ત કરશે. સાંસદ પૂનમબેન માડમે ખેડૂતોને ખાતરી આપી છે કે ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવ્યા બાદ જ કંપની દ્વારા કામ શરૂ કરવામાં આવશે. સાંસદની આ સૂચના અને




ખાતરીના પગલે ખેડૂતોએ આંદોલન પૂર્ણ કરવાનો નિર્ણય લીધો છે. ખેડૂત આગેવાનોએ જણાવ્યું કે ભવિષ્યમાં આ મુદ્દે કોઈ

અનુ પાના નં.૨ પર

### સાંસદ પૂનમબેન માડમની ખાતરીઃ યોગ્ય વળતર ચૂકવીને જ કામ શરૂ થશે



# હાલારના હાલહવાલ




## તંત્રી સ્થાનેથી..

### ડિઝીટલ એરેસ્ટનો ખેલ !

બેંકો, ટેલિકોમ ઓપરેટરો અને પોલીસ સાથે પરામર્શ પછી સરકાર એટલું તો સમજતી થઈ છે કે વૃધ્ધ લોકો અને અન્ય લોકો આ કૌભાંડોનો ભોગ બની રહ્યા છે. આ કૌભાંડો સફળ થાય છે કારણ કે વૃધ્ધ પીડિતો સત્તાનો આદર કરે છે, સત્તાથી ડરે છે અને કાનૂની મુશ્કેલીથી ગભરાય છે. તેમ છતાં, કૌભાંડકારો એવા યુવાનો, વ્યાવસાયિકો અને વૃધ્ધ લોકોને નિશાન બનાવવાનું સરળ માને છે જેઓ ચેતવણીઓ માટે સંવેદનશીલ હોય છે. અસંખ્ય તપાસ છતાં, ડિજિટલ એરેસ્ટના કેસોમાં ખૂબ જ ઓછી સજા ફટકારવામાં આવી છે. આ સૂચવે છે કે કાયદા અમલીકરણ એજન્સીઓએ આ કૌભાંડોનો સામનો કરવા માટે ઝડપથી કાર્યવાહી કરવા હજુ તૈયાર નથી અથવા તો સરકારનું વલણ ઠંડુ છે. ડિજિટલ છેતરપિંડી કરનારાઓ તેમની કામગીરીની પધ્ધતિઓમાં ખૂબ જ ચપળ સાબિત થયા છે. તેઓ સિમ બોક્સ દ્વારા કોલના મૂળને છુપાવે છે, જેનાથી તે ભારતીય નંબરો પરથી આવે છે, અને ઝડપથી પૈસા ટ્રાન્સફર કરવા માટે વિવિધ રાજ્યોમાં ખોલવામાં આવેલા બહુવિધ મ્યુલ એકાઉન્ટ્સનો ઉપયોગ કરે છે. હવે, એવું બહાર આવ્યું છે કે તેઓ પીડિતોને છેતરવા અને તપાસકર્તાઓથી બચવા માટે વિડિઓ કોલ પર ડીપફેકનો ઉપયોગ કરે છે. આમ, છેતરપિંડી કરનારાઓ હંમેશા તેમના પીછો કરનારાઓથી એક ડગલું આગળ હોય છે. કોર્ટનું ધ્યાન પૈસા મેળવવા પર છે – જેણે ૩૬,૨૯૦ કેસોમાં રૂા ૧૮.૦૫ કરોડ સુરક્ષિત રીતે પરત કરાવ્યા છે – અને મ્યુલહન્ટર જેવી શોધ પ્રણાલીઓ સાથે એકાઉન્ટ–ફ્રીઝિંગ કેસોના નિરાકરણને ઝડપી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવેથી ૨૦ થી વધુ બેંકોમાં ઉપયોગમાં લેવાતું છૈં, ગુનેગારોને પકડવામાં ન આવે અથવા દોષિત ઠેરવવામાં ન આવે તો પણ નુકસાન ઘટાડવામાં મદદ કરશે. પરંતુ ગુનેગારોને સજા કરવી મુશ્કેલ છે, કારણ કે આવા ઘણા છેતરપિંડી અને ખંડણી રેકેટ મ્યાનમાર, કંબોડિયા અને 'ગોલ્ડન' નામક ભેદી પ્રદેશોમાં સ્થિત છે. તેઓ વિવિધ વિસ્તારોમાં સ્થિત વિદેશી કૌભાંડ સંયોજનો દ્વારા સંચાલિત થાય છે. મ્યાનમારમાં, પ્રત્યક્ષ અને પરોક્ષ સરકારી આશ્રયને કારણે કૌભાંડ કેન્દ્રોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. તાજેતરની તપાસ અને દરોડા છતાં, આ કાર્યવાહી મોટાભાગે અગમ્ય રહી છે, કારણ કે આ કેન્દ્રો સંઘર્ષગ્રસ્ત દેશના નવા વિસ્તારોમાં સ્થળાંતરિત થયા છે. ૨૦૨૩ માં ચીની પીડિતોને લક્ષ્ય બનાવતા કૌભાંડ કેન્દ્રો પર બેઈજિંગે કાર્યવાહી કર્યા પછી, કૌભાંડીઓએ તેમનું ધ્યાન અન્ય દેશો તરફ વાળ્યું.

## ખંભાળિયામાં 'સૌની' યોજના હેઠળ ઘી ડેમમાં પાણી સપ્લાયનો પ્રારંભ

### નર્મદાના નીરને વધાવતા આગેવાનો: પીવાનો અને સિંચાઇના પાણીના પ્રશ્ન હળવો થશે: ગામડાને પણ લાભ મળશે





**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે ઐતિહાસિક ઓછો માત્ર સરેરાશ બે ઈંચ જેટલો નહિવત વરસાદ નોંધાતા સમગ્ર પંથકમાં દુષ્કાળ જેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. જળ સ્ત્રોતો તળિયાઝાટક થઈ જતાં પીવાના અને ખેતીના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી. આ સ્થિતિને ધ્યાને લઈ હાલારના સાંસદ પૂનમબેન માડમ, ખંભાળિયાના ધારાસભ્ય અને મંત્રી મુળુભાઈ બેરા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી 'સૌની' યોજના હેઠળ નર્મદાના પાણીથી ડેમો ભરવા માંગ કરાઈ હતી. મુખ્યમંત્રીએ આ રજૂઆતનો હકારાત્મક પ્રતિસાદ આપી તાકીદે પાણી છોડવાની વ્યવસ્થા મંજૂર કરી હતી.

આ નિર્ણયને પગલે રવિવારથી ખંભાળિયાના મુખ્ય જળસ્ત્રોત એવા ઘી ડેમ માટે સૌની યોજના મારફતે નર્મદાના પાણીનો સપ્લાય શરૂ કરી દેવાયો છે. ખંભાળિયા નજીક કોટા ગામ પાસે આવેલા ખોડીયાર ડેમ ખાતે નર્મદાના નીર આવી પહોંચતા ધારાસભ્ય મુળુભાઈ બેરા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, નગરપાલિકા પ્રમુખ વિજયભાઈ કણજારીયા, મહામંત્રી રાજુભાઈ ભરવાડ, યુવરાજસિંહ વાઢેર, એભાભાઈ કરમુર, શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ જોશી તથા મોહિતભાઈ મોટાણી સહિતના ભાજપના હોદ્દેદારો અને આગેવાનોએ ઉપસ્થિત રહી શાસ્ત્રોક્ત વિધિથી જળ વધામણા કર્યા હતા. નર્મદાના નીર આવતા સ્થાનિક શહેરીજનો અને ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી છે.

નોંધનીય છે કે, ખંભાળિયા શહેરને પાણી પૂરું પાડતો ૨૦ ફૂટની ક્ષમતા ધરાવતો ઘી ડેમ હાલ માત્ર એકાદ ફૂટ ડેટ વોટર લેવલે પહોંચી ગયો હતો. હાલ નર્મદા પાઇપલાઇન દ્વારા દરરોજ અપાતો ૨ થી ૨.૫ એમ.એલ.ડી. પાણીનો પુરવઠો પણ યથાવત રાખવામાં આવશે. ઘી ડેમમાં સૌની યોજનાનું પાણી ઠલવાતા ખંભાળિયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પીવાના તેમજ સિંચાઈના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આગામી દિવસોમાં જિલ્લાના અન્ય મુખ્ય સ્ત્રોતો જેવા કે સાની ડેમ, સિંહણ ડેમ અને ગઢકી ડેમને પણ સૌની યોજના હેઠળ નર્મદાના પાણીથી ભરી દેવામાં આવશે.

## દ્વારકા નજીક ઓખા નગર પાલિકાનું ફાયર વિભાગનું વાહન પલટી ગયું

### ક્રેન-હિટાચીની મદદથી ફાયરબ્રિગેડને બહાર કઢાઈ



**સમય સંદેશઃ દ્વારકા**

ઓખા નગરપાલિકાનું ફાયર બ્રિગેડનું એક વાહન જામનગરથી ઓખા તરફ જઈ રહ્યું હતું, ત્યારે નાગેશ્વર–મૂળવાસર ગામ વચ્ચેના માર્ગ પર આ વાહન અકસ્માતગ્રસ્ત બન્યું હતું. આ માર્ગ પર આવેલી કેટલીક ભેંસોના બચાવ માટે ફાયર બ્રિગેડની ટીમ કામગીરી કરી રહી હતી, ત્યારે ગાડી અચાનક રોડની સાઇડ પરથી નીચે ઉતરી જઈ પલટી ગઈ હતી. ફાયર બ્રિગેડ વાહન પલટી જતા ઘટનાસ્થળે અફરાતફરી મચી હતી. અકસ્માત બાદ આ વાહનને બહાર કાઢવા માટે ફોર્કલિફ્ટ, ક્રેન અને હિટાચી સહિતના ભારે સાધનોની મદદ લેવામાં આવી હતી.

ફાયરબ્રિગેડના કર્મચારીઓએ પણ સ્થાનિક લોકો સાથે મળીને ગાડીને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. પ્રાથમિક માહિતી મુજબ સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાનું સામે આવ્યું નથી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ગાડી બહાર કાઢવાની કામગીરી લાંબો સમય સુધી ચાલી હતી, જેના પગલે નાગેશ્વર–મૂળવાસર માર્ગ પર લોકોના ટોળા એકઠા થયા હતા.

## જામનગરમાં ઈન્દિરા માર્ગ ઉપર ક્રેઇન પલ્ટી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના અંબર ચોકડી નજીક ચર્ચની સામેથી બ્રિજ નીચેથી જનરેટર લઈને પસાર થઈ રહેલી એક ક્રેઈન અચાનક પલ્ટી ખાઈ જતાં ક્ષણભર માટે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે આ બનાવમાં ક્રેઈન ચાલકનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ નહોતી. ઘટનાના પગલે ટ્રાફીકજામ થાય તે પહેલા જ નજીકમાં રહેલી ટ્રાફિક પોલીસ પહોંચી ગઈ હતી, અને વાહનવ્યવહારને પૂર્વવત્ કરાવ્યો હતો. માસિક દ્વારા પલ્ટી ગયેલી ક્રેઈનને તાત્કાલિક ઉમા કરવી હતી.

## જામનગર જિલ્લા પંચાયતની ચોથી સામાન્ય સભાનો પ્રારંભ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા લી જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી ના અધ્યક્ષતા ને મળી હતી આ સામાન્ય સભામાં શિક્ષણ સમિતિના સહિત અન્ય સમિતિની જાહેરાત પણ કરવામાં આવી હતી. સાથે સાથે દિન ખેતી ની આકારણીઓ ઉપર ઉઘરાવવા ૨૦ માં નાણાપંચ નું આયોજન, સહિત રેતી રોયલ્ટી સહિતના વિવિધ વિકાસના કામો અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી . જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સભામાં સદસ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો

## ભાણવડમાં વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

ભાણવડમાં આહીર સમાજ પાસે રહેતા અને કોર્ટની બાજુમાં રૂખડ પાન નામની દુકાન ધરાવતા જયેશગીરી નરેશગીરી મેઘનાથી નામના શખ્સ તેમજ તેની સાથે શ્યામ અતુલભાઈ નામના બે શખ્સોને પોલીસે રૂ. ૨,૨૬૦ ની કિંમતની વિદેશી દારૂની ૪ બોટલ સાથે ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં ભાણવડનો રહીશ રમેશ પોલાભાઈ રબારી નામનો શખ્સ ફરાર જાહેર થયો છે. અન્ય એક કાર્યવાહીમાં ભાણવડથી આશરે ૬ કિલોમીટર દૂર ટીંબડી ગામે રહેતા અશોક ઉર્ફે રામકો રાયદે સોલંકી નામના શખ્સને પોલીસ રૂ. ૩,૩૯૦ ની કિંમતની વિદેશી દારૂની ૬ બોટલ સાથે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં સપ્લાયર તરીકે પ્રશાંત ઉર્ફે કરશન લખમણ ચાવડાનું નામ જાહેર થયું છે.

## કાલાવડ-રાજકોટ રોડ ઉપર હીટ એન્ડ રનની ઘટના

### અજાણ્યા વાહનની હડફેટે બાઈક સવાર યુવકનું કમકમાટીભર્યું મોત

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના સરવાણીયા ગામે રહેતા લક્ષ્મણભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૨) તા. ૮ ઓગસ્ટની સાંજે પોતાના સ્પ્લેન્ડર પ્લસ બાઈક નંબર જીજે-૧૦-બીપી-૨૮૦૨ લઈ રાજસ્થળી ગામે જઈ રહ્યા હતા.

પોતાના સસરાની તબિયત ખરાબ હોવાથી રાજસ્થળી ગામે જતી વેળાએ મધુરમ હોસ્પિટલ બાદની ગોળાઈ પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહનચાલકે બેફામ અને ગફલતભરી રીતે વાહન હંકારી લક્ષ્મણભાઈના બાઈકને અડફેટે લેતા ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો.

અકસ્મતમાં લક્ષ્મણભાઈને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ જમણા પગમાં ઈજા થઈ હતી. ગંભીર ઈજાઓના પગલે તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. જે મામલે જાણ થતા મૃતકના પિતા પ્રેમજીભાઈ ચૌહાણએ કાલાવડ પોલીસ મથકમાં આરોપી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

## ગ્રીનસિટીમાં બંધ મકાનમાં દારૂની મહેફીલ : છ મહિલા સહિત આઠ ઝબ્બે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરશહેરના ગ્રીન સિટી વિસ્તારમાં આવેલા બોડી કેર સ્પાના ઉપરના માળે દારૂની મહેફિલ ચાલુ હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં તપાસ દરમિયાન દારૂની મહેફીલ માણી રહેલા અલ્પેશ જમનભાઇ પોપલીયા (રહે. ગોકુલનગર રામનગર શેરી નં.૭ જામનગર), કેવલ વાઘેલા, જિંગ્લેમ રંગફા વેંઝ્જેન (રહે. ગ્રીનસીટી બ્લોચમ સ્પા રણજીતસાગર રોડ, મૂળ અરૂણાચલ પ્રદેશ), નિલમબેન સવજીભાઇ સોલંકી, અનંગ કાસુ બીટીંગ (રહે- ગ્રીનસીટી, મૂળ અરૂણાપ્રદેશ), એન્જલ પાસંગ સેરપા (રહે ગ્રીનસીટી, પ્રશ્ચિમ બંગાળ), નાંગસોંગ રંગોન વાંગઝોન (ગ્રીનસીટી મૂળ, અરૂણાચલ પ્રદેશ), કિરોંગ યારબો લીટીન (રહે,ગ્રીનસીટી, અરૂણાચલ પ્રદેશ) ચિકાર નશાની હાલતમાં પકડાયા હતા. આ મામલે સિટી સી ડિવિઝન પોલીસે સ્થળ પરથી અડધી દારૂની બોટલ જપ્ત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે સ્પામાં નોકરી કરતા સ્ટાફનો જન્મદિવસ હોવાથી સ્પાના સંચાલકે દારૂની વ્યવસ્થા કર્યા બાદ મહેફીલ ચાલી રહી હતી. જો કે, આ મુદ્દે પોલીસ વધૂ તપાસ ચલાવી રહી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

અભિજીત જયંતકુમાર દવે

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### તળાવ બ્યુટિફિકેશન

(પાના નં. ૪ થી આગળ)

બોક્સ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત એસ.ટી. ડેપો સામેના ભાગે આવેલા જંગલેશ્વર મહાદેવ મંદિર નજીક પણ બ્રેકેટ મૂકીને સાયકલિંગ અને વોકિંગ માટેનો રસ્તો તૈયાર કરી તળાવનું આખું સર્કલ પૂરું કરવાનું આયોજન છે. નેચર અને એન્વાયરન્મેન્ટ થીમ આધારિત આ પ્રોજેક્ટમાં આગળના તબક્કામાં આકર્ષક ગઝેબો (મોટી ઝૂંપડીઓ) બનાવવામાં આવશે તેમજ મુલાકાતીઓની સુવિધા માટે ચાર અલગ–અલગ પ્રવેશદ્વાર (ગેઈટ) રાખવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ થયે જામનગરવાસીઓ ૨.૫ કિલોમીટર લાંબા ટ્રેક પર સાયકલિંગ, રનિંગ અને વોકિંગની મજા માણી શકશે. જોકે, ગત ચોમાસે વિપક્ષ દ્વારા તળાવમાં માટી પુરાણ સામે વિરોધ નોંધાવાયો હતો અને તળાવ ઊંડું કરીને ટ્રેક બનાવવાની માંગ કરાઈ હતી. તંત્ર અને કોન્ટ્રાક્ટરની ઢીલી નીતિને કારણે સમયમર્યાદા ચૂકી ગયેલા આ પ્રોજેક્ટનું કામ ઝડપથી પૂરું કરી નાગરિકો માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

### જુગારની મૌસમ

(પાના નં. ૪ થી આગળ)

ગુલામહુશેન શેખ, નવીનભાઈ ચુડાસમા, અલ્તાફભાઈ શેખ અને હારૂનભાઈ પરમારને ₹૧,૯૮૦ની રોકડ સાથે તથા બીજા દરોડામાં કિશનભાઈ સોલંકી, અજયભાઈ ચુડાસમા, ધર્મેશભાઈ રાઠોડ, ગોવિંદભાઈ સોલંકી અને હરીશભાઈ પરમારને ₹૭,૮૦૧ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી લઈ કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

### રી-કન્સ્ટ્રકશન

(પાના નં. ૪ થી આગળ)

વજુગરા સામે સરકારી ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓની તાકીદે ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે બંને આરોપીઓને સાથે રાખી ઘટનાસ્થળે લઈ જઈ બનાવનું રી–કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. પોલીસે સ્થળ પરથી સમગ્ર ઘટનાક્રમનું પુનરાવર્તન કરાવીને પોલીસ કર્મચારીઓ સાથે ગેરવર્તન કે હુમલો કરનાર તત્વો સામે કાયદાનું ભાન કરાવતી સખત કાર્યવાહી હાથ ધરી હતી.

### સગીરનું મોત

(પાના નં. ૩ થી આગળ)

જે મામલે રેલવે ફાટક પર ગેટમેન દિલીપસિંહ કલુભા સોઢા (રહે. રામેશ્વરનગર, માટેલ ચોક, જામનગર) એ પંચકોષી એ ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે મૃતકની ઓળખ મેળવવા અને વાલી–વારસદાર સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

### 'પાસા' હેઠળ

(પાના નં. ૩ થી આગળ)

અવલોકન બાદ ઉપરોક્ત આરોપીની પાસા દરખાસ્ત મંજૂર કરી, અટકાયતી વોરંટ ઇસ્યુ કર્યું હતું. આ પછી એલસીબીની ટીમ દ્વારા આરોપીને રાઉન્ડ અપ કરી, તેને બનાસકાંઠાની પાલનપુર જિલ્લા જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

### યમરાજાનું ચક્ર

(પાના નં. ૩ થી આગળ)

ગંભીર હાલતમાં તેમને જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

ત્રીજા કિસ્સામાં મૂળ ખંભાળિયાના મોવાણ ગામના અને હાલ જામનગરના અયોધ્યાનગરમાં રહેતા ૪૨ વર્ષીય હદુભાઈ રામભાઈ જોગલને પત્નીએ ગામડે આંટો મારવા જવાનું કહેતાં હદુભાઈએ થોડા દિવસ પછી જઈશું તેમ જણાવતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જેથી લાગી આવતાં હદુભાઈ ઘરનો દરવાજો બહારથી બંધ કરી બાઇક લઈને નીકળી ગયા હતા અને જામનગર–લાખાબાવળ વચ્ચે માલગાડી આગળ પડતું મૂકી જીવનલીલા સંકેલી લીધી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

### રાંચીમાં વિદ્યાર્થી આંદોલન

(પાના નં. ૧ થી આગળ)

લાગ્યા હતા. દિવસભર ચાલેલા હોબાળા અને ઘર્ષણ વચ્ચે વિધાનસભાનું સત્ર પૂર્ણ થયા બાદ પોલીસે આંદોલનકારીઓને શાંતિપૂર્ણ રીતે ઘરે પરત ફરવા અપીલ કરી હતી. વિદ્યાર્થીઓ મુખ્યત્વે JSSC-CGL અને ૧૪મી JPSC પરીક્ષા રદ કરવાની, આ કેસની CBI તપાસ કરાવવાની તથા ભરતી પ્રક્રિયામાં ધરમૂળથી સુધારા કરવાની માગ પર અડગ છે.

બીજી તરફ, આ આંદોલન વચ્ચે ઝારખંડ લોકસેવા આયોગ (JPSC) ગેરરીતિ કેસમાં CID દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. CID એ JPSCના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ L. Khiangteની સત્તાવાર ધરપકડ કરી લીધી છે. તેમણે ગયા મહિને જ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું અને અનેક રાઉન્ડની પૂછપરછ બાદ આ ધરપકડ કરાઈ છે. દરમિયાન, આ મુદ્દે રાજકારણ પણ ગરમાયું છે. મુખ્યમંત્રી આવાસ બહાર ધરણાં પર બેસેલા ભાજપના જ્યેષ્ઠ નેતા બાબુલાલ મરાંડી તેમજ પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહૂ સહિત અનેક વરિષ્ઠ નેતાઓની પોલીસે અટકાયત કરીને તેમને કેમ્પ જેલમાં મોકલી આપ્યા હતા.

### રાહુલ ગાંધી અને શત્રુઘ્ન

(પાના નં. ૧ થી આગળ)

કેબિનેટના ગ્રામીણ વિકાસ મંત્રીએ સ્પષ્ટતા કરી છે કે, મુખ્યમંત્રીના દિશાનિર્દેશ હેઠળ વિદ્યાર્થીઓ સાથે સંવાદ ચાલી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે CGL પરીક્ષામાં ગેરરીતિ મામલે હાલ CID દ્વારા તપાસ ચાલુ છે જેમાં અટકાયતો પણ થઈ છે, જેથી વાર્તાલાપ ચાલુ હોય ત્યારે ઉગ્ર આંદોલન કરવાની જરૂર નથી.

### મોટું ઓપરેશન

(પાના નં. ૧ થી આગળ)

વિસ્તારમાં સતત કરવામાં આવતા હુમલાઓને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળ હાઈ એલર્ટ પર છે અને કિંમતી કાર્ગો ધરાવતા જહાજોને સતત સુરક્ષા કવચ પૂરું પાડી રહ્યું છે.

### દમણના દરિયા

(પાના નં. ૧ થી આગળ)

છે કે, પ્રશાસન દ્વારા ૧૬ ઓગસ્ટ સુધી દરિયામાં માછીમારી કરવા, ન્હાવા અને કિનારે સેલ્ફી લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં પાણીમાં તણાવાના ૨ બનાવો બનતા જ પ્રશાસને જમ્પોર, દેવકા અને જેટી કિનારે સુરક્ષા માટે ૭ લાઈફ ગાર્ડ તૈનાત કર્યા હતા. જો કે, વિશાળ દરિયાકિનારાની સરખામણીએ આ લાઈફ ગાર્ડ અપૂરતા સાબિત થઈ રહ્યા છે. આવી જીવલેણ ઘટનાઓ અટકાવવા માટે પ્રવાસીઓ પોતે જ પ્રશાસનના નિયમોનું ચુસ્ત પાલન કરી પોલીસ અને બીચ લાઈફ ગાર્ડને સહકાર આપે તે અત્યંત જરૂરી છે.

### માનસી દેશપાંડે

(પાના નં. ૧ થી આગળ)

ઘણા સમયથી ઇન્ચાર્જ કુલપતિથી ચાલતી આ યુનિવર્સિટીમાં પૂર્ણકાલીન કુલપતિની નિયુક્તિ થતાં શિક્ષણ અને સંશોધનાત્મક કામગીરીને નવી વેગ મળશે.

### ખેડૂત આંદોલન પૂર્ણ

(પાના નં. ૧ થી આગળ)

પ્રશ્ન ઉભો થશે તો ફરીથી બેઠક કરીને નિર્ણય લેવામાં આવશે. ખેડૂતોએ જણાવ્યું કે આ સમગ્ર પ્રશ્નમાં સાંસદ પૂનમબેન માડમ અને સ્થાનિક ધારાસભ્યનું વલણ ખેડૂતોના હિતમાં ખૂબ સારું સાબિત થયું છે. તેમના હસ્તક્ષેપથી ખેડૂતોને વળતરનો પ્રશ્ન વાજબી રીતે ઉકેલાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. હાલ આંદોલન પૂર્ણ થતા ખંભાળિયા વિસ્તારના ખેડૂતોમાં સંતોષ જોવા મળી રહ્યો છે અને તંત્ર દ્વારા હવે વળતરની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તેવી માંગ ઉઠી છે.

## જામનગરમાં સજા પામેલા ચેક રિટર્ન કેસના આરોપીને જેલહવાલે કરતી પોલીસઃ બે અલગ-અલગ કેસમાં કેદની સજા ફટકારાઈ હતી

### કોર્ટના સજા વોરંટની બજવણી કરી સીટી 'એ' ડિવિઝન પોલીસે આરોપીને જીલ્લા જેલ મોકલ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની અદાલત દ્વારા ચેક રિટર્ન તથા વિવિધ ફોજદારી કેસોમાં સજા પામેલા આરોપી સામે જારી કરાયેલા સજા વોરંટની બજવણી કરીને સીટી 'એ' ડિવિઝન પોલીસ કાફલાએ આરોપીને ઝડપી પાડી જીલ્લા જેલહવાલે કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, જામનગરના નેરના કાંઠે આવેલા પાવન એપાર્ટમેન્ટ (બી–વિંગ, બી/૧૦૧) ખાતે રહેતા ૪૬ વર્ષીય જિગ્નેશભાઈ બચુભાઈ નંદા (જાતે ભાનુશાલી) સામે જામનગરની અદાલતમાં કેસો ચાલી ગયા હતા. જેમાં મહે. ૭મા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટના ફોજદારી કેસ નંબર ૮૬૨૦/૨૦૨૦ અન્વયે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મહે. ૫મા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટના ફોજદારી કેસ નંબર ૮૬૧૯/૨૦૨૦ અન્વયે આરોપીને ૬ માસની સાદી કેદની સજા ફટકારવામાં આવી હતી.

અદાલત દ્વારા હુકમ કરાયા બાદ સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. એમ. ડોડિયા તથા પી.એસ.આઈ. એચ. વી. રોયલાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. હાર્દિકભાઈ બાબરીયા, મહેન્દ્રભાઈ પરમાર, વિનાયકભાઈ વાઘેલા અને જિગ્નેશભાઈ પરમાર સહિતની પોલીસે કામગીરી હાથ ધરી હતી. પોલીસે આરોપી જિગ્નેશભાઈ નંદાની અટકાયત કરી સજા વોરંટની વિધિવત બજવણી કરી હતી અને આ અંગેની જાણ તેમના પત્ની જિજ્ઞાબેનને કરવામાં આવી હતી.

ત્યારબાદ એ.એસ.આઈ. એચ. આર. બાબરીયા દ્વારા સજા વોરંટ સાથે આરોપીને જામનગર જીલ્લા જેલ ખાતે મોકલી આપી જેલ સુપ્રિટેન્ડેન્ટને સોંપવાની અને સંભાળી લેવાની કાયદેસરની રીપોર્ટ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

# આઝાદીના અમૃતકાળની ઉજવણીઃ હર ઘર તિરંગા અભિયાન અંગે કલેકટરની બેઠક

## તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન જિલ્લાના દરેક ગામ અને ઘર સુધી પહોંચશે તિરંગોઃ શાળા-કોલેજોમાં દેશભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે



**સમય સંદેશઃ જામનગર**

આઝાદીના અમૃતકાળની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યભરમાં તા. ૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની સુરક્ષા માટે શહાદત વહોરનાર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રબળ બનાવવાના હેતુથી ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો અને ૧,૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ યોજવાનો સંકલ્પ કરાયો છે. આ રાજ્યવ્યાપી ઝુંબેશના ભાગરૂપે જામનગર જિલ્લામાં પણ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેકટરે તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓ-કોલેજોમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સાથે પ્રભાતફેરી, દેશભક્તિ ગીત, નિબંધ, વક્તૃત્વ, ચિત્રકલા સહિતની સ્પર્ધાઓ અને તિરંગા યાત્રાઓ યોજવા સૂચના આપી હતી. આ ઉપરાંત, તાલુકા વિકાસ અધિકારીઓ અને મામલતદારોને છેવાડાના ગામડાં સુધી રાષ્ટ્રધ્વજની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી દરેક ઘર પર આદરપૂર્વક તિરંગો લહેરાય તેવું આયોજન કરવા જણાવાયું હતું.

જિલ્લાના નાગરિકો, સ્વસહાય જૂથો, યુવા મંડળો, સામાજિક સંસ્થાઓ અને વેપારી મંડળો ઉત્સાહપૂર્વક આ અભિયાનમાં જોડાય તેમજ પોતપોતાના ઘર, દુકાન અને સંસ્થાઓ પર ગૌરવપૂર્વક ધ્વજારોહણ કરે તે માટે વ્યાપક જનજાગૃતિ ચલાવવા સૂચના અપાઈ છે. તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક જનપ્રતિનિધિઓ અને નાગરિકોની ઉપસ્થિતિમાં ભવ્ય તિરંગા યાત્રાઓ યોજી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે. કલેકટર પી.બી. પંડ્યાએ પરસ્પર સંકલન સાથે કાર્ય કરી આ અભિયાનને જામનગરમાં લોકભાગીદારીનું પ્રેરણાદાયી પર્વ બનાવવાની તાકીદ કરી હતી.

# જામનગર યાર્ડમાં વિન્ડમિલ લાઇનના ટ્રેક લેઆઉટમાં સુધારો

## ટ્રેક જ્યોમેટ્રીમાં સુધારાથી ટ્રેન સંચાલનની સુરક્ષા વધુ મજબૂત થશે



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા રેલ પરિચાલનની સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે જામનગર રેલવે યાર્ડમાં વિન્ડમિલ લાઇનના ટ્રેક લેઆઉટનું સુધારાત્મક કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીના જણાવ્યા અનુસાર, જામનગર યાર્ડમાં પોઇન્ટ નંબર ૧૦૭ ની આગળ વિન્ડમિલ લાઇન તરફ સતત વળાંક હોવાથી લેઆઉટ જટિલ હતો. આ કામગીરી અંતર્ગત રિવર્સ કર્વને અંદરની તરફ સ્થાનાંતરિત કરી ટ્રેપ પોઇન્ટને રાજકોટ તરફ શિફ્ટ કરવામાં આવ્યો છે, જેનાથી ટ્રેપ પોઇન્ટ આસપાસના બિનજરૂરી વળાંકો સીધા થઈ શક્યા છે અને ટ્રેકની જ્યોમેટ્રી વધુ સંતુલિત બની છે.

આ સુધારાત્મક કાર્ય એટલા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે ભૂતકાળમાં આ જ સ્થળે ટ્રેન પાટા પરથી ઉતરી જવાની ઘટના બની હતી. વળાંકની ડિગ્રી ઓછી થવાથી હવે સંભવિત અકસ્માતોનું જોખમ ઘટશે સાથે જ ભવિષ્યમાં આ સ્થાને ટ્રેકની જાળવણી (મેન્ટેનન્સ) માટેના પ્રયાસો અને સંસાધનોનો વધુ અસરકારક ઉપયોગ થઈ શકશે. આ સમગ્ર કાર્યને જામનગર યાર્ડના ડબલિંગ કામગીરી સાથે સાંકળીને પૂર્ણ કરવામાં આવ્યું હતું, જેથી ટ્રેન વ્યવહાર પર ન્યૂનતમ અસર પડે.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીણાએ જણાવ્યું હતું કે, રેલ પરિચાલનમાં સુરક્ષા એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જામનગર યાર્ડનું આ કાર્ય એ જ પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. ટ્રેક લેઆઉટ સુધારવાથી સુરક્ષા અને મેન્ટેનન્સ બંને પાસાં મજબૂત થયાં છે. રાજકોટ ડિવિઝન દ્વારા મુસાફરો અને માલગાડીઓના સુરક્ષિત તથા સુચારુ પરિચાલન માટે આવા સંવેદનશીલ સ્થાનોની સતત ઓળખ કરીને પ્રાથમિકતાના ધોરણે સુધારાત્મક કામગીરી ચાલુ રાખવામાં આવશે.

# રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના 'મિશન યુનિફોર્મ'નો જામનગર DDO નિશાબેનના હસ્તે પ્રારંભઃ ૬૩ સરકારી શાળાઓના ૧૧ હજાર વિદ્યાર્થીઓને મળશે લાભ

## ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ ચાલતા અભિયાનથી ૧૪૦ ગ્રામીણ મહિલાઓ બની આત્મનિર્ભર; શિક્ષણ અને મહિલા સશક્તિકરણનું પ્રેરણાદાયી મોડેલ

**સમય સંદેશઃ જામનગર**

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત 'મિશન યુનિફોર્મ' અભિયાનનો આ વર્ષે જામનગરના જિલ્લા વિકાસ અધિકારી નિશાબેનના વરદહસ્તે પ્રારંભ કરાયો હતો. મોટી ખાવડીની સરકારી કન્યા-કુમાર શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રતીકરૂપે યુનિફોર્મ વિતરણ કરતા DDOએ આ પહેલને બિરદાવી હતી. રિલાયન્સ દ્વારા ૧૪૦ ગ્રામીણ મહિલાઓને સીવણની વ્યવસાયલક્ષી તાલીમ આપીને આત્મનિર્ભર બનાવવામાં આવી છે, જેમણે જામનગરની ૫૭ અને જૂનાગઢની ૬ મળી કુલ ૬૩ સરકારી પ્રાથમિક શાળાઓના ૧૧,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મ તૈયાર કરીને રોજગારી મેળવી છે.

પોતાના સંબોધનમાં ડીડીઓ નિશાબેને આ પહેલને શિક્ષણ અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતું અનુકરણીય મોડેલ ગણાવ્યું હતું તેમજ મહિલાઓની આત્મનિર્ભરતા પાછળ તેમના પરિવારજનોના સહયોગને પણ બિરદાવ્યો હતો. આ તકે તેમણે વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ



તસવીરઃ હિરેન ગાંધી

હાજર રહી ગુણવત્તાસભર શિક્ષણ મેળવવા અને ખાસ કરીને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરવા પ્રેરણા આપી હતી. 'મિશન યુનિફોર્મ' આજે માત્ર યુનિફોર્મ વિતરણ પૂરતું મર્યાદિત ન રહેતા ગ્રામીણ મહિલાઓને કૌશલ્ય વિકાસ અને સ્વરોજગારી પૂરી પાડતું સફળ સામાજિક અભિયાન બન્યું છે.

# કલ્યાણપુરનાં રાવલનો શખ્સ રૂ.૨.૫૯ લાખનાં ચરસ સાથે ઝબ્બે

**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પી.આઈ. વી.એ. રાણા તથા પી.એસ.આઈ. ડી.એ. વાળાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના રાવલ ગામના હનુમાનધાર વિસ્તારમાં રહેતા રામ ચનાભાઈ ઘેલાભાઈ ગામી નામના ૨૭ વર્ષના કોળી શખ્સને તેના રહેણાંક મકાનમાંથી ચરસના જથ્થા સાથે ઝડપી લીધો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે ઉપરોક્ત શખ્સ પાસેથી રૂ. ૨.૫૯ લાખની કિંમતના ૧.૩૬ કિલોગ્રામ જેટલા ચરસનું એક પેકેટ કબજે કર્યું હતું. પોલીસની પૂછતાછમાં આરોપી રામભાઈ ચનાભાઈ ગામીના મિત્ર એવા



પોરબંદર તાલુકાના મિયાણી ગામના રહીશ કરશન લખુ વાઘેલાને દરિયાકાંઠા વિસ્તારમાંથી એક ચરસનું પેકેટ મળ્યું હતું. જો આ પેકેટ તેને જોઈતું હોય તો તે સસ્તા ભાવે આપવા તૈયાર હોય, મિત્ર કરસનની વાત માનીને ચારેક માસ પૂર્વે રામભાઈ ગામીએ તેની પાસેથી ચરસનું આ પેકેટ ખરીદ કર્યું હતું અને તેના બદલામાં તેણે રૂ. ૧૦,૦૦૦ રોકડા આપ્યા હોવાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી.

ચરસનું આ પેકેટ લઈને તેણે પોતાના ઘરે સેટીના ખાનામાં છુપાવ્યું હતું અને તે આ ચરસ વેંચવાનો પ્રયાસ કરતો હતો. પરંતુ તેને કોઈ ગ્રાહક મળતો ન હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે એસ.ઓ.જી. પોલીસે રામભાઈ ગામીની અટકાયત કરી, આરોપી કરસન લખુભાઈ વાઘેલા તેમજ અન્ય સંડોવાયેલા મનાતા શખ્સો સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કલ્યાણપુર પોલીસમાં ગુનો દર્જ કરવામાં આવ્યો છે.

# જામનગર જિલ્લાના ખીમરાણાની સીમમાં ટ્રેનની હડફેટે સગીરનું મોત



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં અકસ્માતે-અકાળે મોતના કેસ નોંધાયા છે. ખીમરાણાની સીમમાં ધસમસતી ટ્રેનની હડફેટે ચડેલા અજાણ્યા સગીરનું કમકમાટીભર્યું મોત થયું છે. જેની ઓળખ મેળવવા પોલીસે તપાસ શરૂ કરી છે. જામનગરના ખીમરાણા સીમ વિસ્તારમાં રેલવે ટ્રેક પર ટ્રેનની હડફેટે આવી જતાં અજાણ્યા સગીરનું દરમિયાન ખીમરાણા સીમમાં મૃત્યુ નીપજયાનો બનાવ નોંધાયો છે. તા. ૬ ઓગસ્ટના રાત્રિના સમય આવેલી રેલવે ફાટક નંબર એલસી-૧૮૩ નજીક રેલવે પાટા પર ધસમસતી ટ્રેનની હડફેટે ચડયા બાદ આશરે ૧૩થી ૧૪ વર્ષના તરુણને ગંભીર ઈજા થઈ હતી. ટ્રેનની ઠોકરે સગીરને માથા અને પગના ભાગે થયેલી ઇજાઓ બાદ તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

અનુ પાના નં.૨ પર

# જામનગરની ૧૯ Eventsનો આંતરરાષ્ટ્રીય ડંકો

## EMF Global ACE-2026માં એકસાથે પાંચ પ્રતિષ્ઠિત એવોર્ડ્સથી ગુજરાતનું ગૌરવ વધાર્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની જાણીતી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની "19 Events' દ્વારા નેપાળના કાઠમંડુ ખાતે આયોજિત વૈશ્વિક સ્તરના "EMF Global ACE-2026 Awards'માં એકસાથે પાંચ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ પ્રાપ્ત કરીને આંતરરાષ્ટ્રીય મંચ પર જામનગર અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. કંપનીને 'Best Production House', 'Best Wedding', 'Best Drone Show', 'Best Design' અને 'Best 3D Designer' જેવી પાંચ અલગ-અલગ કેટેગરીમાં શ્રેષ્ઠ કામગીરી



બદલ આ આંતરરાષ્ટ્રીય સન્માન એનાયત કરવામાં આવ્યું છે. આ યાદગાર ક્ષણે બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, એક્ટર વિક્રાંત મેસી તેમજ મેવાડના મહારાજ લક્ષ્યરાજ સિંહજીના વરદહસ્તે "19 Events'ની ટીમને આ પાંચેય એવોર્ડ્સ સુપ્રત કરવામાં આવ્યા હતા. કંપનીના પ્રતિનિધિઓએ આ ઐતિહાસિક સિદ્ધિને સમગ્ર ટીમની અવિરત મહેનત, ક્રિએટિવિટી અને કલાયન્ટ્સના અતુટ વિશ્વાસનું પરિણામ ગણાવતા જણાવ્યું હતું કે, આ સન્માન ભવિષ્યમાં પણ ગ્લોબલ સ્તરના ભવ્ય આયોજનો કરવા માટે નવી ઊર્જા અને પ્રેરણા આપશે.

# માનસિક તણાવથી ત્રાસેલી આધેડ મહિલાએ ટ્રેન આડે ઝંપલાવ્યું

## જામજોધપુર તાલુકાના મેલાણ ગામની અરેરાટીભરી ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી

**સમય સંદેશઃ જામજોધપુર**

જામનગર જિલ્લાના જામજોધપુરના મેલાણ ગામના વાડી વિસ્તારમાં રહેતા વનીતાબેન જીવનભાઈ વાઘીયા (ઉ.વ. ૫૪) અગાઉ માનસિક બીમારીની દવા લેતા હતા. જોકે, છેલ્લા આશરે બે વર્ષથી તેમણે પોતાની રીતે દવા લેવાનું બંધ કરી દીધું હતું અને માનસિક તણાવમાં રહેતા હોવાનું પરિવારજનોના નિવેદનમાં સામે આવ્યું છે.

દરમિયાન તા.૭ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૫૫ વાગ્યા પહેલાંના કોઈ સમયે જામજોધપુર શહેરથી પશ્ચિમે આશરે બે કિલોમીટર દૂર ન્યારા પેટ્રોલ પંપની સામે આવેલા રેલવે ટ્રેક પર વનીતાબેને ટ્રેન હેઠળ ઝંપલાવી દેતાં તેમનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે તેમના પુત્ર રૂપેશભાઈ જીવનભાઈ વાઘીયાએ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૯૪ મુજબ નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઓખાનો નામચીન ગુનેગાર 'પાસા' હેઠળ જેલમાં ધકેલાયો

**સમય સંદેશઃ ઓખા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દારૂ, જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ કરતા શખ્સો સામે કડક હાથે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તેમજ તેમની ટીમ દ્વારા આવા ગુનેગારોના ગુનાહિત ઇતિહાસની માહિતી એકત્ર કરી, અને ઓખાના ભૂંગા વિસ્તારમાં રહેતા અને દારૂ અંગેની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હસમુખ ઉર્ફે કડો મહેન્દ્રભાઈ ઝાખરીયા સામે પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આ પાસા દરખાસ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ એમ. તન્ના સમક્ષ મુકવામાં આવતા તેમણે હકારાત્મક અભિગમ અપનાવીને પાસા દરખાસ્તના અભ્યાસ,

અનુ પાના નં.૨ પર



# જામનગરમાં યમરાજાનું ચક્ર ફરી વળ્યુંઃ અકાળે મોતની ત્રણ ઘટના

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં અકાળે તેમજ અકસ્માતે મોતના ત્રણ અલગ-અલગ કિસ્સા સામે આવતાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રથમ બનાવમાં રણજીતસાગર રોડ પર ચૂનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા ૨૨ વર્ષીય કૌશલ રવજીભાઈ ઢાપા નાળિયેરની રેકડીમાં ડ્રીલ મશીન વડે હોલ પાડી રહ્યા હતા. તે સમયે સ્વીચ ચાલુ કરતાં જ અચાનક તીવ્ર વીજ શોક લાગતાં તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. પરિજનો તેમને તુરંત સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

બીજા બનાવમાં જામનગર તાલુકાના ધ્રાંગડા ગામે વાડી વિસ્તારમાં રહેતી અને મૂળ મધ્યપ્રદેશની ૨૩ વર્ષીય પરણિતા મલકીબેન વિકેશભાઈ બાંભણીયાને વતન જવું હોય, પરંતુ પતિ પાસે હાલ નાણાં ન હોવાથી જવાની ના પાડી હતી. આ બાબતે મનમાં માઠું લાગી આવતાં તેમણે વાડીની ઓરડી પાસે ઝેરી દવા પી લીધી હતી.

અનુ પાના નં.૨ પર

# જામનગરના જોગર્સ પાર્ક નજીક પાઇપ લાઇન તૂટતાં હજારો લીટર પાણી વેડફાયું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં એક બાજુ જળાશયોના તળિયા દેખાવા લાગતાં અને પાણીની અછત સર્જાતાં જામનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકો માટે એકાંતરા દિવસે પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. આવી પરિસ્થિતિ વચ્ચે શહેરના પોશ વિસ્તાર ગણાતા જોગર્સ પાર્ક નજીક મુખ્ય પાણીની પાઈપલાઈન તૂટી જતાં હજારો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ જોવા મળ્યો હતો.

પાઈપલાઈન તૂટવાના કારણે માર્ગો પર પાણી-પાણીના દ્રશ્યો સર્જાયા હતા અને રસ્તાઓ પર લાંબા અંતર સુધી પાણી ફરી વળ્યા હતા. રોડ પર પાણી ભરાઈ જવાના કારણે સ્થાનિક રહીશો તેમજ ત્યાંથી પસાર થતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. લક પાણીની અછત વચ્ચે તંત્રની આવી બેદરકારી જોઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

પરંતુ રવિવારે રજાનો દિવસ હોવાથી સાંજ સુધી પાઈપ લાઈનની રીપેરીંગની કામગીરી કરવામાં આવી ન હતી. તંત્રની ઘોર બેદરકારીના કારણે શહેરમાં અવાર-નવાર પીવાના પાણીની પાઈપ લાઈન તુટી જવાથી પીવાના પાણીનો વેડફાટ થાય છે. તંત્રની નિષ્ક્રિયતાને કારણે આ રીતે રસ્તા પર પાણી વેડફાતું રહેતાં લોકોમાં તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.



તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરમાં તળાવ બ્યુટિફિકેશનનું બીજા તબક્કાનું કામ મુદત પૂરી થયા પછી પણ અધુરૂ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રણમલ તળાવ (પાછલા તળાવ)ના મીગ કોલોની તરફના ત્રીજા ભાગમાં આકાર લઈ રહેલા ₹૩૦ કરોડના ખર્ચે સાયકલિંગ વીથ વોકિંગ-જોગિંગ ટ્રેક પ્રોજેક્ટની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે. તંત્ર દ્વારા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ મે ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, પરંતુ એક વર્ષનો સમય વિતી ગયા છતાં હાલ માત્ર ૫૫ ટકા જેટલું જ કામ પૂર્ણ થઈ





તસવીરઃ હિરેન ગાંધી

શક્યું છે. ગત ચોમાસામાં તળાવમાં બહારથી માટી ઠાલવીને બનાવેલો પાળો ધોવાઈ ગયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા સ્ટોન પીચિંગ (પથ્થરો પાથરીને) મજબૂતી આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, છતાં આ પ્રોજેક્ટ ક્યારે લોકાર્પિત થશે તે અંગે હજુ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અંગે જોઈએ તો, તળાવમાં ઓશવાળ કોલોની અને દિગ્વિજય પ્લોટ તરફથી આવતા પાણીના સ્ત્રોત પર બ્રેકેટ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ગાંધીનગર રોડ ઉપર કચરો વીણતી મહિલાનું બાઇકની હડફેટે મોત

## શહેરના ખોડિયાર કોલોની રોડ ઉપર સંતોષી મંદિર પાસે એક્ટિવા ઉપર જઇ રહેલાં ગ્રેઇન માર્કેટના વેપારીને કારે ફૂટબોલ કર્યાઃ હેમરેજ સહિતની ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે, ત્યારે વધુ બે અકસ્માતોમાં એક મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે જ્યારે એક વેપારી ગંભીર રીતે ઘવાયા છે. પ્રથમ બનાવમાં શહેરના નવી કોર્ટ રોડ પર આવેલી વિશ્વકર્માની વાડી પાસે રહેતા અને કચરો વીણવાનું કામ કરતા ૪૭ વર્ષીય કલીબેન રાજુભાઇ ખીમસુર્યાને બેફામ ઝડપે આવતા બાઇકચાલકે જોરદાર હડફેટે લીધા હતા. અકસ્માત સર્જી બાઇકચાલક નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત કલીબેનને તુરંત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું ટૂંકી સારવાર બાદ મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

બનાવ અંગે મૃતક મહિલાના પુત્ર ભરતભાઇ રાજુભાઇ ખીમસુર્યાની ફરિયાદના આધારે સિટી સી ડિવિઝન પોલીસે ફરાર બાઇકચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. બીજા બનાવમાં ખોડિયાર કોલોની નજીક સંતોષી માતાના મંદિર પાસે અકસ્માત સર્જાયો હતો. ક્રિસ્ટલ મોલ પાસે આવેલા ગિરીરાજ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી જયેન્દ્રભાઈ મોદી સંતોષી માતાના મંદિરે દર્શન કરીને પોતાના એક્ટિવા પર ગ્રેઈન માર્કેટ તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન એક કારચાલકે તેમના વાહનને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં વેપારી જયેન્દ્રભાઈને માથામાં મલ્ટીપલ હેમરેજ, ડાબી બાજુના મગજમાં ડેમેજ, બંને બાજુની પાંસળીઓ અને ડાબા ખભામાં ફ્રેક્ચર જેવી ગંભીર ઇજાઓ પહોંચી હતી. ગંભીર હાલતમાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ મામલે ઇજાગ્રસ્ત વેપારીના પત્ની ભાવિકાબેન મોદીની ફરિયાદના આધારે પોલીસે બેદરકાર કારચાલક સામે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં તું મારૂં ઘર તોડવા માંગે છે તેમ કહી યુવક ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના તીરૂપતિ પાર્ક -૦૨ માં રહેતા ફરીયાદી રીજવાનખાન ઇસરારખાન પઠાણના મિત્ર એવા આરોપી સોહીલ હાજીભાઇ પતાણી (રહે.ઢીચડા) ના પત્નીએ ફરિયાદીને ફોન કરી પૂછ્યું હતું કે તેનો પતિ સોહિલ કોઈ નશો કરે છે કે અવડે રસ્તે ચડી ગયો છે? આથી ફરિયાદીએ આ વાતની પોતાના મિત્ર આરોપી સોહીલને જાણ કરી જણાવ્યું હતું કે, તારી પત્નીને તારી ઉપર ખોટી શંકા છે.

આ બાબત પસંદ ન આવતા આરોપીએ ઉલ્ટાનું પોતાના મિત્ર એવા ફરિયાદી ઉપર જ ખોટી શંકા રાખી કહ્યું કે, તું મારૂ ઘર તોડાવા માંગે છે, તું મારા ઘરમાં કેમ દખલગીરી કરે છે? બાદમાં ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને જોતજોતામાં વાત વણસી જતાં આરોપીએ હાથમાં રહેલા પાઇપ વડે આડેધડ માર મારી છરી વડે હુમલો કર્યો હતો. આથી ફરિયાદીને પડખામાં છરી લાગતાં લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં ચાર ટાંકાની ઇજા થઈ હતી.

હુમલાની અન્ય એક ઘટના જામનગર તાલુકાના ફાચરિયા ગામે સામે આવી છે. ગામના રામદેવપીરના મંદિર પાસે રહેતા અને ખેતીકામ કરતા ધીરજભાઈ જીવરાજભાઈ દરગાણી (૩.૧.૬૨)એ રાતે જમ્યા બાદ રામદેવપીરના મંદિરની બાજુની સ્ટ્રીટલાઇટ બંધ હોવાથી લાઇટ ચાલુ કરી બેઠા હતા. ત્યાં આરોપી એવા કૌટુંબિક ભત્રીજા વલ્લભ રવજીભાઈ દરગાણી આવ્યો અને લાઇટ કોણે ચાલુ કરી ?

તેમ પૂછી બોલાચાલી કરી હતી. પછી વલ્લભે છરી કાઢી ધીરજભાઈની છાતીના જમણા ભાગે એક ઘા ઝીંકી દીધો હતો. જ્યાં ફરિયાદીના પરિવારના લોકો આવી જતા આરોપીઓ નાશી છૂટયો હતો. બાદમાં એમ્બ્યુલન્સ મારફતે ધીરજભાઈને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં તેઓને ઇજાના કારણે છ ટાંકા લેવા પડ્યા હતા.

# સલાયાઃ માછીમારી જાહેરનામાનો ભંગ કરતી છ ટ્રોલર બોટોને ઝડપી લેવાઇ



**સમય સંદેશઃ સલાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોસ્ટલ સુરક્ષાને ધ્યાનમાં રાખીને સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન માછીમારી પ્રતિબંધ જાહેરનામાનો ભંગ કરતી ૬ ટ્રોલર માછીમારી બોટોને પકડી પાડવામાં આવી છે. ચોમાસાની સીઝનમાં દરિયામાં ભારે કરંટ હોવાને કારણે માછીમારી પર પ્રતિબંધ હોય છે. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ જખૌ પોલીસ સબ ઇન્સ્પેક્ટર સિંગરખીયા અને જખૌ સ્ટાફના મહમદ બ્લોચ, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કિશોરસિંહ જાડેજા, વજાભાઈ લાંબરિયા તથા પબુભાઈ માયાણી સલાયા મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરિયાઈ પેટ્રોલીંગ કરી રહ્યા હતા.

પેટ્રોલીંગ દરમિયાન જખૌ ટીમને સંયુક્ત અને અંગત બાતમીદાર તરફથી માહિતી મળી હતી કે કેટલાક માછીમારો પ્રતિબંધ હોવા છતાં સલાયા દરિયામાંથી માછીમારી કરવા ગયા છે અને તેઓ સલાયા બંદર, શફી ઢોરો તથા ચુડેશ્વર જેટી ખાતે પરત ફરવાના છે. આ માહિતી મળતા જ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ કરતા, ઉપરોક્ત અલગ-અલગ જગ્યાએ કુલ ૦૬ ટ્રોલર માછીમારી બોટો માછીમારી કરીને પરત ફરેલી મળી આવી હતી.

આ તમામ બોટો વિરુદ્ધ દેવભૂમિ દ્વારકાના જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રીના ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક ડીએમ/ડીસીએમ/માછીમારી પ્રતિબંધ/જાહેરનામું/૨૦૨૬ ના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ તથા ધ ગુજરાત ફિશરીઝ એક્ટ કલમ-૨૧(૧)ઇ મુજબ સલાયા મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી વધુ તપાસ માટે કેસ સોંપવામાં આવ્યો છે.

# શ્રાવણ શરૂ થાય તે પહેલાં જામનગર જિલ્લામાં જામી જુગારની મૌસમ

## લખતર ગામે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી રેન્જ આઈજીની ટીમે દરોડો પાડી નવ શખ્સોને સવા દશ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા : કુલ પાંચ દરોડામાં એક મહિલા સહિત ૩૩ શખ્સો ૨૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

શ્રાવણ માસની શરૂઆત અગાઉ જામનગર જિલ્લામાં બેફામ બનેલા જુગારીઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. જોડિયાના લખતર ગામે સ્થાનિક પોલીસની નાક નીચે ધમધમતા જુગારધામ પર છેક રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડી નવ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક પોલીસ, એલસીબી સહિતની ટીમોએ ગુલાબનગર, ધ્રોલ અને મસીતિયા પંથકમાં દરોડા પાડી એક મહિલા સહિત ૩૩ જુગારીઓને કુલ ₹૨૧ લાખથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે, જ્યારે બે શખ્સો ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે.



તસવીરઃ હિરેન ગાંધી

રાજકોટ રેન્જ પોલીસે લખતર ગામની સીમમાં આવેલી વાડીમાં દરોડો પાડી હેમરાજભાઇ મોતીભાઇ, સુખાભાઇ ઘેટીયા, કાન્તીભાઇ સંતોકી, પ્રવીણભાઇ નીમાવત, જીગ્નેશભાઇ નાગપરા, નીલેશભાઇ ભીમાણી, અજયભાઇ ગોદવાણી, નરભેરામ ગડારા અને લાભુભારતી ગોસાઇને રંગેહાથ ઝડપી લીધા હતા. તેમની પાસેથી ₹૩.૩૫ લાખથી વધુની રોકડ, મોટરસાઇકલ, મોબાઇલ અને ઇકો કાર મળી ₹૧૦.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. તેમજ જામનગર એલસીબીએ મસીતિયા ગામની સીમમાંથી સીદિકભાઇ સુમરા, આદમભાઇ ખફી, જાવીદભાઇ ખફી, અબ્દુલભાઇ ધોધા, ઇકબાલભાઇ નોયડા, ઇમરાનભાઇ ખફી, રસુલભાઇ કટીયા અને કાજલબેન માલદે નામના મહિલા સહિત આઠ જુગારીઓને ₹૧૦.૨૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા હતા, જ્યારે જુમાભાઇ ખફી અને અખ્તરભાઇ ખફી નાસી છૂટ્યા હતા.


અન્ય દરોડામાં ધ્રોલ પોલીસે ગાયત્રીનગરમાંથી અરવિંદભાઇ અઘેરા, ભરતભાઇ મકવાણા, જયેશભાઇ ડઢાણીયા, ઓસમાણભાઇ સુમારીયા, શૈલેષભાઇ કાઠીયા, વિજયભાઇ કાઠીયા અને કમલેશભાઇ રાઠોડને ₹૩૫,૧૦૦ની રોકડ સાથે પકડ્યા હતા. આ સિવાય સિટી એ ડિવિઝન પોલીસે ગુલાબનગર વિસ્તારમાં દરોડા પાડી પ્રથમ દરોડામાં

અનુ પાના નં.૨ પર

# પોલીસ સાથે પંગો ભારે પડયોઃ બે હુમલાખોરની સરભરા કરી પોલીસે ઘટનાનું કરાવ્યું રી-કન્સ્ટ્રકશન

**સમય સંદેશઃ જામનગર**





તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા બુરહાની પાર્ક પાસે બાઇક અથડાવવાની ક્ષુલ્લક બાબતે થયેલી બોલાચાલી બાદ પોલીસ પર હુમલો કરવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. બનાવની વિગત મુજબ, તા. ૬ ઓગસ્ટના રોજ ૧૧૨ જનરક્ષકની ટીમમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ નીલેશ ગોવિંદભાઈ અંધેરાને બુરહાન મેટ્રનવાલા નામના યુવાન સાથે માથાકૂટ થઈ હોવાનો કોલ મળતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં સોબાન મકવા નામના શખ્સે વાહન અથડાવ્યા બાદ તેના મામા મુસ્તુફા મોહમદ વજુગરાએ હુમલો કરી નુકસાનીના નાણાં માંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જાણવા મળ્યું હતું.

આથી પોલીસે આરોપી મુસ્તુફાને બોલાવવાનું કહેતાં મુસ્તુફા વજુગરા અને હાજી મોહમદ વજુગરા (રહે. અલ્સફા પાર્ક) ત્યાં આવી પહોંચ્યા હતા. કોન્સ્ટેબલે મુસ્તુફાને જનરક્ષક ગાડીમાં બેસવા કહેતાં હાજીએ વચ્ચે પડી પોલીસનો બકલ નંબર પૂછી વીડિયો ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બંને શખ્સોએ ઉશ્કેરાઈને પોલીસ સ્ટાફ સાથે ગાળાગાળી કરી સરકારી ફરજમાં અવરોધ ઊભો કર્યો હતો. એટલું જ નહીં, આરોપી મુસ્તુફાએ કોન્સ્ટેબલ નીલેશને ફડાકો ઝીંકી દઈ ધમકી આપી હતી.

આ બનાવ અંગે કોન્સ્ટેબલની ફરિયાદના આધારે સિટી એ ડિવિઝન પોલીસે મુસ્તુફા વજુગરા અને હાજી

અનુ પાના નં.૨ પર

# મોટી ખાવડીની સીમમાં રસ્તો ઓળંગી રહેલા આધેડનું બાઇક હડફેટે મોત

**સમય સંદેશઃ જામનગર**

ગત્તા. ૭ ઓગસ્ટની રાત્રિના આશરે ૧૦ વાગ્યાના અરસામાં વિજયભાઈ મોહનભાઈ રાઠોડ (ઉં.વ. ૪૬) જામનગર-ખંભાળિયા હાઇવે પર મોટીખાવડી પાયલ ધારની ગોળાઈ પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન જીજે-૩૭-આર-૩૩૩૦ નંબરના મોટરસાઇકલના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી વિજયભાઈને અડફેટે લીધા હતા. અકસ્મતમાં વિજયભાઈને માથા સહિત શરીરના વિવિધ ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી અને તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ બાઇકચાલક વાહન સાથે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

આ અંગે મૃતકના પુત્ર અમનભાઈ વિજયભાઈ રાઠોડે મેઘપર (પડાણા) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા બાઇકચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ફરાર બાઇકચાલકને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી છે.

# સરકારની બાબાગાડી : ચાંદીપુરાના લક્ષણોથી બાળકોના મોત છતા નેગેટીવ રિપોર્ટ પણ મોડા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં બાળભક્ષી ચાંદીપુરા વાયરસનો હાહાકાર યથાવત રહ્યો છે. અત્યાર સુધીમાં છ ભૂલકાંને ભરખી જનાર ઘાતક રોગનો તોડ મળ્યો નથી ત્યાં વધુ બાળકનો જીવ લીધો જેમાં ધ્રોલ પંથકનાં બાળકે રાજકોટમાં અંતિમ શ્વાસ લીધા હતો.

ગંભીર બાબત એ છે કે, જામનગર જિલ્લાનાં છઠ્ઠા બાળકે ચાંદીપુરાનો રિપોર્ટ આવ્યા પહેલા જીવ ગુમાવ્યો છે. વળી, પહેલાનાં પાંચ મૃત્યુ બાદ નેગેટીવ રીપોર્ટ આવ્યા હતા એટલે જીવલેણ બની રહેલા ચાંદીપુરા જેવા ઘાતક રોગ અંગે રહસ્ય સર્જાયું છે.

જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસે ફરી એકવાર કાળો કહેર વર્તાવ્યો છે. ધ્રોલ તાલુકાના ડાંગરા સીમ વિસ્તારમાંથી ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડાયેલા ૬ વર્ષીય માસૂમ બાળકનું સારવાર દરમ્યાન મોત થયું હતું.તબીબી વિજ્ઞાન અને અધતન સ્વાસ્થ્ય સેવાઓની ગુલબાંગો વચ્ચે વધુ એક બાળકનું મોત નીપજ્યા બાદ પણ હજુ સુધી ચાંદીપુરા વાયરસના સેમ્પલનો રિપોર્ટ આવ્યો નથી.

જે સરકાર અને આરોગ્ય તંત્ર આ મુદ્દે ગંભીર હોવા સામે મોટો સવાલ ઉભો છે. કારણ કે, રાજકોટમાં એઈમ્સ અને જામનગરમાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર જેવી વિશ્વકક્ષાની આરોગ્ય સંસ્થા હજુ કાગળ ઉપર છે. ઝુંપડાં કે કાચા મકાનોમાં રહેતા ગરીબ અને શ્રમિક વર્ગનાં સંતાનોને જ ચાંદીપુરા વાયરસ ઝપટમાં લેતો હોવાથી હજુ સુધી વેક્સિન શોધવી તો દૂર રહી, સમયસર રિપોર્ટ પણ મળતા નથી.

તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ત્રણ શંકાસ્પદ બાળદર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં કાલાવડ પંથકમાંથી શંકાસ્પદ લક્ષણો સાથે લાવવામાં આવેલા બે વર્ષીય માસૂમ બાળકનો પણ સમાવેશ થાય છે. એક બાળક અત્યંત નાજુક સ્થિતિમાં વેન્ટિલેટર પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે.

**હાલારના છ બાળકોએ જીવ ગુમાવ્યો ત્યાં સુધી તેના રિર્પોટ ન આવ્યાઃ જનઆરોગ્યની ચિંતાના છાશવારે તાયફા કરતી સરકારી તંત્રની ઢીલી નીતિ રૂટીન પરંપરા કે પછી કોરોના કાળની માફક સત્યને છુપાવવાનો ઈરાદો?**

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com